અપીલ અરજી નં.૨૧૦ તા.૪–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી જગજીવનભાઈ ગોવિંદભાઈ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગજીવનભાઈ ગોવિંદભાઈ પટેલની તા.૧૧–૮–૧૦ ની અરજીથી કાર્યપાલક ઈજનેર શ્રી, પશ્ચિમ ઝોન સુરત પાલિકા તરફથી પાઠવેલ ટી.ડી.ઓ નં. ૧૬૮૪ તા.૨૪–૧૨–૦૯ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ) ફા.પ્લોટ નં.૩૦૦ ના સબપ્લોટ નં.૨૩ માં થયેલ અનધિકૃત બાંધકામ દુર કરવા નોટીસ મળ્યાના ત્રણ દિવસમાં બાંધકામ દુર કરવા જણાવેલ જો તેમ કરવામાં ન આવે તો સદર બાંધકામ કરાવનારના ખર્ચને જોખમે કોર્પોરેશન તરફથી તે તોડી પાડવામાં આવશે એમ જણાવેલ. આમ છતાં આજદિન સુધી તે બાંધકામ દુર ન થવાના કારણો તથા મહાનગરપાલિકા તરફથી તે દુર ન કરવાના કારણો જણાવશોજી. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૦/૨૦૧૦–૧૧

શ્રી જગજીવનભાઈ ગોવિંદભાઈ પટેલની તા.૧૧–૮–૧૦ ની અરજીથી કાર્યપાલક ઈજનેર શ્રી, પશ્ચિમ ઝોન સુરત પાલિકા તરફથી પાઠવેલ ટી.ડી.ઓ નં.૧૬૮૪ તા.૨૪–૧૨–૦૯ મુજબ ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ) ફા.પ્લોટ નં.૩૦૦ ના સબપ્લોટ નં.૨૩ માં થયેલ અનધિકૃત બાંધકામ દુર કરવા નોટીસ મળ્યાના ત્રણ દિવસમાં બાંધકામ દુર કરવા જણાવેલ. જો તેમ કરવામાં ન આવે તો સદર બાંધકામ કરાવનારના ખર્ચને જોખમે કોર્પોરેશન તરફથી તે તોડી પાડવામાં આવશે એમ જણાવેલ. આમ છતાં આજદિન સુધી તે બાંધકામ દુર ન થવાના કારણો તથા મહાનગરપાલિકા તરફથી તે દુર ન કરવાના કારણો જણાવશોજી. તેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ./૩૪૨ તા.૮–૯–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે નોટીસ અન્વયે કોઈ કાર્યવાહી થયેલ હોય તે કાગળોની નકલ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૦ તા.૧૧–૧૦–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં. ૪૪૯ તા.૨૫–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૫૦૩ તા.૧૧–૧૨–૦૯ ના પત્રની નકલ, ટીપી ૧૩, ફા.પ્લોટ નં.૩૦૦ સબ પ્લોટ નં.૨૧/એ અને ૨૨ ના ડેવલપમેન્ટ પરમીશનની નકલ, તથા ૨૧/એ ને આપવામાં આવેલ ૨૬૦(૧)(અ) મુજબની નોટીસ અંગેના પત્ર નં.ટીડીઓ/૨૮ તા.૧૦–૧૨–૦૯ ના પત્રની નકલ તથા મનાઈ હુકમ અંગેનં.વેસ્ટઝોન/ટીડી ૨૭ તા.૧૦–૧૨–૦૯ ના મનાઈ હુકમની નકલ તેમજ ૨૨/એ ના ૨૬૦(૧)(અ) મુજબની નોટીસના પત્ર નં.વેસ્ટઝોન / ટીડીઓ/૩૦ તા.૧૦–૧૨–૦૯ ના પત્રની નકલ તથા વેસ્ટઝોન/ટીડી/૨૯ તા.૧૦–૧૨–૦૯ ના પત્રની નકલ, ૨૧/ એ ને આપેલ ટીડીઓ/૧૬૮૩ તા.૨૪–૧૨–૦૧ નો તાકીદના પત્રની નકલ, ૨૨/એ ને આપેલ ટીડીઓ/૧૬૮૪ તા.૨૪–૧૨–૦૧ નો તાકીદના પત્રની નકલ, ૨૩ ને આપેલ એનઓસી અંગે વેસ્ટઝોન/આ.નં.૧૪૧૯ તા.૧૩–૧૨–૦૫ ની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૧–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની વિગતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૩૪૨ તા.૮–૯–૧૦ થી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે તેવું જણાવેલ. તેવા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૪–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. તેમાં અરજદારે જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ નથી કે માહિતીના કોઈ પણ કાગળો આપેલ નથી.તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પૂરક વિગતોમાં વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૦૩ તા.૧૧–૧૨–૦૯ થી " ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ) ના ફા.પ્લોટ નં.૩૦૦ માં સબ પ્લોટ નં.૨૧ ના માળ વધારાના પ્લાન ટીડીઓ નં.૭૨ તા.૨૮–૭–૦૯ થી મંજુર થયેલ છે જયારે પ્લોટ નં.૨૨ ના પ્લાન ટીડીઓ નં.૭૩ તા.૨૮–૭–૦૯ થી માળ વધારાના પ્લાન મંજુર થયેલ છે. સદર મંજુર પ્લાન વિરુધ્ધ શરૂ કરેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે ઝોન કચેરીએથી પ્લોટ નં.૨૧ ને ટીડીઓ નં.૨૭ તા.૧૦–૧૨–૦૯ થી મનાઈ હુકમ તેમજ ટીડીઓ નં.૨૮ તા.૧૦–૧૨–૦૯ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. જયારે પ્લોટ નં.૨૨ ને ટીડીઓ નં.૨૯ તા.૧૦–૧૨–૦૯ થી મનાઈ હુકમ તેમજ ટીડીઓ નં.૩૦ તા.૧૦–૧૨–૦૯ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. વધુમાં પ્લોટ નં.૨૩ માં ગુજરાત સરકારશ્રીના અનધિકૃત બાંધકામને અધિકૃત કરવાના કાયદા હેઠળ ગ્રાઉન્ડ ફલોર

(કોમર્શીયલ હેતુ માટે) રૂા. ૧,૩૪,૭૦૦/– તા.૧૭–૨–૦૩ થી તા.૨૦–૯–૦૩ સુધીમાં ભરપાઈ કરેલ છે. વધુમાં આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી જ આપવાની થાય છે તેવું જણાવેલ છે. તેવા પ્રત્યુત્તરની નકલ રજૂ કરેલ છે. સાથે ૨૧ એ અને ૨૨ ને આપેલ નોટીસ મનાઈ હુકમ અને તાકીદના પત્રોની નકલ રજૂ કરેલ છે. પરંતુ અરજદારની મુખ્ય માહિતી નોટીસ પશ્ચાતની કાર્યવાહીને લગતી છે તે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને કોઈ વિગત આપેલ નથી. કે અત્રે પણ રજૂ કરેલ નથી. માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. તેમ છતાં નોટીસ પશ્ચાત અરજદારે માંગેલ વિગતો દફતરે ઉપલબ્ધ હોય તો આપવાપાત્ર થાય અન્યથા તે અંગેની હકીકતથી અરજદારને અવગત કરવાના રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૧–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ બાબત હેઠળની મિલ્કત અંગે નોટીસ પશ્ચાત થયેલ કાર્યવાહી આધારે તેવા કારણો હોય તો અરજદારને તેવી માહિતી દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ –૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા અન્યથા વિકલ્પે અરજદારને બાબત હેઠળની સંદર્ભ ફાઈલની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ દિન–૭ માં પૂરી પાડી થયેલ અમલવારીની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ( રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જગજીવનભાઈ ગોવિંદભાઈ પટેલ